અપીલ અરજી નં.૩૫૨ તા.૧૧–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી કે.એ.ઘીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાલાની તા.૨૪–૧૨–૧૦ ની અરજીથી ૨/૧૩૫૨ વકફ ટ્રસ્ટના રૂમો પૈકીની માહિતી મુદ્દા નં.(૧) હાલના ચાલુ ટ્રસ્ટી સૈયદ મહંમદ ઐબાસ હકીમ આગા સૈયદ હસન સાહેબના કબ્જામાં કેટલા રૂમો ૧૨/૧૩૫૨ માં આવેલા છે તેના ટેના નંબર જુના અને નવા અને માપ તથા કેટલા વર્ષોથી કબ્જામાં છે તેની જાણકારી આપવા વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૨/૨૦૧૦–૧૧

શ્રી કે.એ.ઘીવાલાની તા.૨૪–૧૨–૧૦ ની અરજીથી ૧૨/૧૩૫૨ વકફ ટ્રસ્ટના રૂમો પૈકીની માહિતી મુદ્દા નં.(૧) હાલના ચાલુ ટ્રસ્ટી સૈયદ મહંમદ ઐબાસ હકીમ આગા સૈયદ હસન સાહેબના કબ્જામાં કેટલા રૂમો ૧૨/૧૩૫૨ માં આવેલા છે તેના ટેના નંબર જુના અને નવા અને માપ તથા કેટલા વર્ષોથી કબ્જામાં છે તેની જાણકારી આપવા વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં..એઆરડી/૧૩૧ તા.૨૧–૧–૧૧ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજૂ કરવા તેમજ અરજદારે માંગેલ વિગતે જુના અને નવા ટેનામેન્ટ નંબરો અંગે દફતરી હકીકત તથા તેના માપોની વિગત દફતરી વિગતે જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૮ તા.૨૫–૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.એઆરડી/૧૩૧ તા.૨૧–૧–૧૧ ના પત્રની નકલતથા એઆરડી/૧૩૬ તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ની એસેસમેન્ટ નકલ તથા ટેક્ષ. નું વિગત દર્શાવતું પત્રકની નકલ, સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૮૭ તા.૭–૫–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન શહેર વિકાસની તા.૨૭–૩–૦૮ ના રોજ રીપેરીંગ માટેની અરજીની નકલ, ટેના નં.૧૨એ–૧૫–૯૮૧–૦–૦૦૧ સ્ટેબીલીટી રીપોર્ટની નકલ, તથા તેની ટેક્ષ ભર્યાની રસીદની નકલ, તા.૨૫–૮–૦૬ ના રોજ ટેના નં.૧૨એ–૧૨–૯૩૧–૦–૦૧૧ થી નોંધાયેલ કબ્જા રસીદની નકલ, તા.૨૫–૪–૦૮ થી વોર્ડ નં.૧૨ ની માહિતીના પત્રની નકલ, એઆરડી/૧૦૨/૪ તા.૨૯–૫–૦૮ ના પત્રની નકલ, જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ , સુરત તા.૮–૪–૧૦ ના રોજ કરેલ અરજીની નકલ, નં.પીઆરઓ/ફ.નિ./ના. નં.૪૭ /૧૦ તા.૧૩–૪–૧૦ થી આપેલ પ્રત્યુત્તરની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૧૨–૧૦ ની અરજીથી સર્વે નં.૧૨/૫૨ ની જગ્યામાં આવેલ રૂમો પૈકી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી એસેમેન્ટ રીકવરી વિભાગ સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૩૧ તા.૨૧–૧–૧૧ ના રોજ નિયત સમયમાં માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પ્રત્યુત્તરથી અસંતોષ હોઈ તા.૧૧–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) હાલના ચાલુ ટ્રસ્ટી સૈયદ મહંમદ ઐબાસ હકીમ આગા સૈયદ હસન સાહેબના કબ્જામાં કેટલા રૂમો ૧૨/૧૩૫૨ માં આવેલા છે તેના ટેના નંબર જુના અને નવા અને માપ તથા કેટલા વર્ષોથી કબ્જામાં છે તેની જાણકારી આપવા વિગેરે માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ચાલુ ટ્રસ્ટી સૈયદ મહંમદ અબ્બાસ હકીમ આગા સૈયદ હસનનું નામ આકારણી દફતરે દાખો નથી. સદરહુ સર્વે નંબર ૧૨/૧૩૫૨ વાળી જગ્યામાં પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે મોગલ ઈમામવાડા મસ્જિદના ટ્રસ્ટીઓમાં ગોડાર બેગમ WD/O સૈયદ આગા હસન અને બીજાઓ તરીકે નામો ચાલે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ચાલુ ટ્રસ્ટીના પત્નિના નામ પર કેટલા રૂમો આવેલા છે તેના ટેના.નંબર જુના અને નવા બંને ટેના નંબર માપ અને કેટલા વર્ષોથી કબ્જામાં છે તેની માહિતી આપવા બાબત.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલકતમા પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે મોગલ ઈમામવાડા મસ્જિદના ટ્રસ્ટીઓમાં ગોડાર બેગમ WD/O સૈયદ આગા હસ અને બીજાઓ તરીકે નામો ચાલે છે. જેથી ચાલુ ટ્રસ્ટીના પત્નીના નામ પર કેટલા રૂમો છે તેની માહિતી પણ આકારણી દફતરે નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) હાલના ચાલુ ટ્રસ્ટીના માતાજીના નામ ઉપર કેટલા રૂમો આવેલા છે તેના ટેના નંબર, માપ અને કેટલા વર્ષોથી કબ્જામાં છે તે જણાવશો અને જો કબ્જેદાર બદલાયા હોય તો નવા કબ્જેદારના નામ અને કેટલા વર્ષોથી બદલાયા છે તે જણાવશો. બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલકતમા પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે મોગલ ઈમામવાડા મસ્જિદના ટ્રસ્ટીઓમાં ગોડાર બેગમ WD/O સૈયદ આગા હસન અને બીજાઓ તરીકે નામો ચાલે છે. જેથી ચાલુ ટ્રસ્ટીના માતાજીના નામ પર કેટલા રૂમો છે તે માહિતી પણ આકારણી દફતરે નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) છેલ્લા પાંચ વર્ષમાં ટ્રસ્ટના કબ્જામાં આપેલા ટેના . નંબરો જણાવશો અને કયા કયા ટેના નંબર મેળવેલ છે તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં આકારણી દફતરે થયેલ નોંધ મુજબ ટ્રસ્ટના કબ્જામાં નીચે મુજબના ટેના નંબરો નોંધાયેલછે. ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ , ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૨૪, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૨૫,૧૨એ–૧૫ –૦૯૩૧–૦–૦૩૨જે અંગેની માહિતી રૂા. ૮ ભર્યેથી તેના સ્ટેટસની નકલ ઉપલબ્ધ થશે તેવું જણાવેલ.જે અંગે અરજદારે મુદ્દા નં.૪ માં ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ટેના નં.બર જણાવેલ છે પરંતુ તેનો જુનો ટેના નં.શું હતો તેની માહિતી આપેલ નથી તથા આ ટેના. નંબર ટ્રસ્ટના કબ્જામાં આવ્યા પછીનો ટેના નંબર છે. જુના ટેના

નંબરની જાણકારી આપવામાં રજૂઆત કરેલ છે. અરજદારના સદર ટેના નંબર ટ્રસ્ટના કબ્જામાં આવ્યો પછીનો ટેના. નંબર છે તે બાબતેની વિગતો ઓનર તરીકે ટ્રસ્ટનું નામ ની વિગતો એસેસમેન્ટ પત્રક તથા પાર્ટીસ્ટેટસ ના સદર પત્રકમાં જણાવેલ છે. જેના ઉપરથી જાણી શકાત. વધુમાં સદર બાબતે જુના નંબર અંગે પત્ર નં.એઆરડી/૧૩૬ તા.૩–૨–૧૦ ના પત્રથી પ્રત્યુત્તર પાઠવેલ છે. મુદ્દા નં.(૫) છેલ્લા પાંચ વર્ષમાં ટ્રસ્ટના કબ્જામાં આવેલ કેટલા ટેનામેન્ટો રીપેરીંગ થયા છે તેના ટેના.નંબરો અને કઈ તારીખે રીપેરીંગ થયા તેની જાણકારી આપશોજી. તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા ૫ વર્ષ દરમ્યાન આકારણી દફતરે થયેલ નોંધ મુજબ ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ થી નોંધાયેલ મિલ્કતમાં ભાડુત સરદારખા કાસમખાનું નામ કમી થતાં તે મિલ્કતના કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળીયેનું બાંધકામ કર્યા હોવાનું જણાવેલ છે. તે સિવાય અન્ય રીપેરીંગની માહિતી આકારણી દફતરે નોંધાયેલી નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં સદર ટેના નંબર ૧૨એ– ૧૫ –૦૯૩૧–૦–૦૧૧ ની રીપેરીંગ આકારણી દફતરે નોંધાયેલ તે સિવાયના અન્ય કોઈ આકારણી દફતરે નોંધાયેલ નથી. જે બાબતે સદર મિલ્કતમાં કાચુ ઝુંપડુ ૭ થી ૮ ફુટ હાઈટનું હતું સાથે પતરા હતા અને ૧૨×૧૨ માપનું માળખું હતું જે પુરાવા સાથે છે. તા.૨૫–૪–૦૮ થી માંગેલ માહિતી તા.૨૮–૫–૦૮ ના પત્રના જવાબમાં ૧૦૨/૪ થી મળેલા જવાબમાં આ રીપેરીંગ થયેલ ૧૨×૧૨ નું ઝુંપડું જે કબ્જા મેળવ્યાના કરારની નકલ પણ સામેલ છે.જે ૧૨×૧૨ જણાવેલ છે. રીપેરીંગની માહિતીના જવાબમાં મળેલ સ્ટેબીલીટી રીપોર્ટ જણાવેલ છે તે ફોટા તથા ટ્રસ્ટી ધ્વારા આપેલ રીપેરીંગ અરજી જણાવેલ છે. ધાબુ રીપેરીંગ કરવાના છે તો આ રીપેરીંગ થયેલ ઝુંપડામાંથી પતરા હતા તો ધાબો કયાંથી રીપેરીંગ કરી શકાય તે ખુલાસો આપશો. જે અરજદારે કરેલ અરજીની વિગત છે અને જેની નકલ માહિતી સ્વરૂપે અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. રીપેરીંગ થયેલ ટેના નંબર ૧૨×૧૨ નું હતું તેની બીજા બે રૂમો પાયા ખોદી આજુબાજુની જમીન કબ્જે કરી વધારાના ૫×૮ અને ૧૫×૧૮ ફુટના રૂમો રીપરીંગના ઓઠા તળે ગેરકાયદેસર, પ્લાન મુકયા કે રજા ચિઠ્ઠી મેળવ્યા વગર પાકુ બાંધકામ કરી નાંખેલ છે જેના પુરાવા માટે ખાતા ધ્વારા મળેલી માહિતી તા.૨૫–૨–૧૦ નો પત્ર સામેલ છે. ૩ રૂમ રીપેરીંગ થયા બાદ બનેલ છે. જે સદર ટેનામેન્ટમાં ઉમેરવામાં આવેલ પત્ર નં.૧૭૮ તા.૭–૫–૧૦ થી હયાત સ્ટ્રકરચરની ઉંચાઈમાં પહોળાઈમાં ફેરફાર કર્યા સિવાય રીપેરીંગ કરી શકાય. તો આ વધારાના ગેરકાયદેસર પ્લાન કે રજાચિઠ્ઠી વગર બનેલા છે તેને દુર કરવાની રજૂઆત કરેલ છે. વધુમાં કમિ.શ્રી. ,શહેર વિકાસ ખાતા અને ઝોનલ ઓફિસરને અરજીઓ આપીને રજુઆત કરેલ છે તેમ છતાં બાંધકામ ચાલુ રહેલ જુની. ઈજનેરે સ્થળ ઉપર નિરીક્ષણ કરેલ ત્યારે ગેરકાયદેસર બાંધકામ અટકાવવામાં આવેલ તેવું જણાવેલ છે. આમ ગેરકાયદેસર અરજીઓના ઉત્તર પણ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. આમ સદર પ્રશ્ન અરજદારનો મુળ અરજીથી અલાયદો ફરીયાદને લગતો પ્રશ્ન અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. જે બાબતે કાર્યવાહીના ફરીયાદને લગતા પ્રશ્ન બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે. મુદ્દા નં.(૬) આકારણી (સેન્ટ્રલઝોન ધ્વારા) ધ્વારા પત્ર નં.એઆરડી/૧૩૬ તા.૧૭–૪–૧૦ થી અમોને આપવામાં આવેલ માહિતીના તુમારમાં મુકવામાં આવેલ પુરાવા અને વ્યુ નકલો તથા સર્વે કરવામાં આવેલ સાહેબનું નામ અને હોદ્દાની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલના મિલ્કતના વ્યુની નકલની જરૂર હોય તો રૂા.૪/– ભર્યેથી તે પણ ઉપલબ્ધ થઈ શકશે. હકીકતની ખરાઈ કરવા સારું સર્વે કરવા આવેલા કર્મચારી શ્રી જે. એન. કાપડીયા હતા જેનો હોદ્દો સર્વેયર વોર્ડ નં.૧૨ છે. તેવું જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર નિર્દિષ્ટ ટેના નંબરવાળી મિલ્કતમાં વધારાના બાંધકામની કાર્યવાહીને લગતી ફરીયાદ બાબતે લાગત સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી (સેન્ટ્રલ ઝોન ) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કે.એ.ઘીવાલા,